ગાંધીનગર સમાચાર
તા. ૨-૧-૨૦૧૫, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

જમીન સંપાદન સુધારાનો વટહુકમ : સરકાર સામે વિપક્ષને એક થવાની તક

કેન્દ્રની મોદી સરકારે ચાલુ કરેલી વટહુકમ પરંપરા સામે હાંસિયે મુકાઈ ગયેલા વિપક્ષો એક અવાજમાં પ્રતિકાર કરવા સજ્જ થઈ રહ્યા છે. લોકશાહીની તંદુરસ્તીની દૃષ્ટિએ આ એક આવકારવાલાયક ઘટના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની ખુરશી સંભાળતાં પહેલાં જ અનુકૂલ કેબિનેટ સેક્રેટરીની નિમણૂક વટહુકમ દ્વારા કરવી પડી હતી. બંધારણમાં વટહુકમની જોગવાઈ બહુ જ અનિવાર્ય સંજોગોમાં કરવાનું સ્પષ્ટ સૂચન હોવા છતાં સત્તાપક્ષ એનો ચણામમરાની જેમ છાશવારે ઉપયોગ કરતો રહ્યો છે, જે લોકશાહી માટે ચિંતાપ્રેરક બાબત જ ગણાય. વર્ષાન્તે કેન્દ્ર સરકારે જમીન સંપાદન સુધારાના વટહુકમ પર રાષ્ટ્રપતિનું મત્તુ મરાવી દઈ દેશના ખેડૂતોના વાજબી વિરોધ કરવાના અધિકાર પર તરાપ મારી છે. ભારતીય જનતા પાર્ટીના આ ખેડૂત વિરોધી વલણનાં અનેક ઉદાહરણો આપણી આસપાસ જ દૃષ્ટિગોચર થઈ શકે એમ છે. ખુદ ભાજપના જ પૂર્વ ધારાસભ્ય ડૉ. કનુભાઈ કળસરિયાએ 'નિરમા' ઉદ્યોગગૃહને ફાળવાયેલી જમીન સામે રાજયવ્યાપી આંદોલન ઊભું કર્યું હતું જેને હમણાં જ વિદાય થયેલા લોકનેતા ગાંધીજન ચૂનીભાઈ વૈદ્ય અને વિચારશીલ રાજપુરુષ સનત મહેતાનું સમર્થન સાંપડ્યું હતું. ગોચરની જમીનો ઉદ્યોગ ગૃહોને આપી - બલકે પધરાવી દેવાનો ભાજપ સરકારનો અભિગમ વિકાસની દૃષ્ટિએ ભલે આવકારદાયક લાગે પરંતુ પર્યાવરણની દૃષ્ટિએ તેમજ ગામડાના અર્થતંત્રમાં ઉપયોગી પશુધનના યોગક્ષેમની રૂએ એ પગલું વિઘાતક અસરો ઊપજાવે એવું છે. અસરગ્રસ્ત ખેડૂતોએ ગુજરાતમાં 'સેઝ' અને 'સર' જેવી યોજનાઓ સામે વિરોધનો સૂર પ્રગટ કર્યો હતો તે સર્વવિદિત છે. વર્તમાન વડાપ્રધાન ગુજરાતના મુખ્યમંત્રી હતા તે જ અરસામાં આ બધી ઘટનાઓ બની હતી. એથી એમને કેન્દ્રની સત્તા હસ્તગત થતાંની સાથે જમીન સંપાદન કાયદામાં સુધારો કરી દેવાનો સંકલ્પ કર્યો હોવો જોઈએ. આ સુધારો અમલી બનતાં સુરક્ષા, ઉદ્યોગ, સડકનિર્માણ જેવી બાબતોમાં જમીન સંપાદન કરવામાં નડતો જમીન માલિક ખેડૂતોનો કે પંચાયતોનો વિરોધ ધ્યાને લેવાની જરૂર જ નહીં રહે. અગાઉના કાયદામાં સર્વસંમતિ જરૂરી હતી, તેનો અહીં છેદ ઊડી જાય છે. હવે સરકારી તંત્ર એણે નક્કી કરેલા જમીન સંપાદન કાર્યક્રમમાં ખેડૂતોને પૂછવાની પણ દરકાર નહીં કરે. એમને યોગ્ય વળતર ચૂકવી દઈ રવાના કરી દેવાશે. મોદી કેબિનેટ દેશના વિકાસની ગાડી પૂરઝડપે દોડાવવા માગે છે. એમાં વચ્ચે આવતા વાંધા-વચકાનાં સ્પીડ બ્રેકર રાતોરાત ઉખાડી દેનારા આ વટહુકમનો કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોએ વિરોધ કર્યો છે. મમતા બેનર્જીએ તો આ કાયદાનો અમલ પોતાની લાશ પરથી થઈ શકશે એવી કડક ચેતવણી ઉચ્ચારી છે. ખેડૂતોની જમીન બચાવવા સારુ મમતા બેનરજીને ટાટાના નેનો પ્રોજેક્ટને ઉચાળા ભરાવ્યા હતા, તે કોણ નથી જાણતું? મમતા બેનરજી આ મુદ્દે મોદી સરકાર સામે શિંગડાં ભરાવવા સજ્જ થઈ ગયાં છે. બનવાજોગ કે શારદા ચીટ ફંડમાં રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગયેલાં મમતા બેનરજીને આ વટહુકમ પ્રાણવાયુ પૂરો પાડે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ પણ આ મુદ્દે ખેડૂતોના હિતમાં નિર્ણય લેવાની રજૂઆત કરી છે. નવા સુધારાને ખેડૂત વિરોધી ગણાવી કોંગ્રેસના નેતાઓ - દિગ્વિજયસિંહ, મનિષ તિવારી અને અભિષેક સંઘવીએ સરકારને 'ઉદ્યોગપતિઓની, ઉદ્યોગપતિઓ દ્વારા અને ઉદ્યોગપતિઓ માટે ચાલતી સરકાર' ગણાવી છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારે ખેડૂત તરફી જમીન સંપાદન કાયદો ઘડ્યો હતો એમાં ઉદ્યોગ પતિઓને ફાયદો પહોંચાડવાની દાનતથી કરાયેલ સુધારાનો કોંગ્રેસ આગામી અંદાજપત્ર દરમિયાન વિરોધ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સુધારો કરતો વટહુકમ દેશના આર્થિક વિકાસને વધુ ગતિ આપવા, ખેડૂતોને રાહત અને મદદ માટે પુનર્વસન માટેના નિયમોને અસર કર્યા વગર કામગીરી ઝડપી બનાવવા અમલી બનાવાઈ રહ્યો હોવાનું નિવેદન કર્યું છે. પરંતુ સીપીઆઈ-એમ સહિત ડાબેરી પક્ષોને એમાં સરકારના મૂડીવાદી વલણની જ બદબૂ આવે છે. કોંગ્રેસની 'થિંક ટેન્ક' ગણાતા પૂર્વમંત્રી જયરામ રમેશ માને છે કે આ કાયદાનો દુરુપયોગ ખેડૂતોની જમીન બળજબરીપૂર્વક પડાવી લેવા માટે કરાશે. સામ્યવાદીઓએ એને સરકારનું પ્રજાવિરોધી સામંતશાહી પગલું ગણાવ્યું. અવારનવાર ખેડૂતોના મુદ્દે સરકાર સામે આંદોલન કરવાની ચીમકી આપતા રહેલા કિસાનસંઘને ભાજપનું બગલબચ્ચું ગણાવામાં આવે છે. શું આ ખેડૂત વિરોધી વટહુકમ સામે એ પણ માથું ઊંચકશે? લોકસભા અને રાજયસભા - બેઉ સદનોમાં કોંગ્રેસ અને ડાબેરીઓ સહિત તૃણમૂલ જેવા પક્ષો આ મુદ્દે સરકાર સામે અંદાજપક્ષ સત્ર ટાણે ભારે પડકાર ઊભો કરશે, એ નક્કી છે.

માણસામાં નાટક ''મુખ્યમંત્રીનો માણસ'' રજુ કરાયું

ગાંધીનગર જીલ્લાના માણસા ખાતે આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા આયોજીત સ્વ.મફત ઓઝા લિખિત ઉજાસ ચાવડા દિગ્દર્શિત નાટક ''મુખ્યમંત્રીનો માણસ''ના ભવ્ય શોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા 'પ્રતિભાશાળી યુવા દિગ્દર્શક'તરીકે સન્માનિત ઉજાસ ચાવડા (અમદાવાદ) એક જાણીતા નાટય દિગ્દર્શક છે. નાટકમાં એક એવા સામાન્ય માણસની વાત રજુ કરાઈ છે. જે પત્ની અને લોકો એમ બે અંતિમો વચ્ચે સતત પીસાતો રહે છે. પોતાનો નાના-નાના સામાન્ય કામો કઢાવવા લોકો રઘુરાય નો ઉપયોગ મુખ્યમંત્રીને ભલામણ અર્થે કરે છે. રઘુરાયનો આત્મા એમ ન કરવા હંમેશા ડંખતો રહે છે. જો કે પત્ની ની જિદ્દ અને લોકલાગણીને માન આપી મુખ્યમંત્રીને ભલામણ કરે જ છે પરંતુ મુખ્યમંત્રી તરફથી તદ્દન સુકું વર્તન તેને વ્યથિત કરે છે. પોતાની જાત સાથેની મથામણમાં અંતે રઘુરાય પોતાની જાતને મોત સામે ધરી દે છે. આ રઘુરાય એટલે કે હું-તમે-આપણે-આમ આદમી કોઈપણ હોઈ શકે. રઘુરાયની જેમ કોઈ સેવાભાવી સુંદરલાલનું અકાળે અવસાન ન થાય એવા સંદેશ આપવાના આશયથી સદર નાટય પ્રયોગનો પ્રયાસ હાથ ધરાયો છે. રઘુરાયના પાત્રને મહેશ પટેલ સુંદર, સુચારુ અને અદભુત રીતે જીવંત કર્યું હતું. રંગમંચ વ્યવસ્થાપક તરીકે ચિરાગ વ્યાસની ભૂમિકા પણ પ્રસંશનીય રહી છે.

આવતીકાલથી ગાંધીનગરમાં દાદા ભગવાન પ્રેરિત ત્રિદિવસીય સત્સંગનો પ્રારંભ

ગાંધીનગરમાં દાદા ભગવાન પરિવાર દ્વારા તા. ૩ થી ૫ જાન્યુઆરી દરમિયાન સત્સંગ કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે-૧૧માં ચ-૩ સર્કલ પાસે આવેલા મેદાનમાં યોજાશે. જેમાં તા. ૩જી જાન્યુઆરી શનિવારે સાંજે ૬.૩૦થી૯ વાગ્યા દરમિયાન સત્સંગ યોજાશે. તા. ૪થી જાન્યુઆરી રવિવારે સાંજે ૫.૩૦ થી ૯ વાગ્યા દરમિયાન જ્ઞાન વિધિ કાર્યક્રમ યોજાશે અને તા. ૫મી જાન્યુઆરી સોમવારે સાંજે ૬.૩૦ થી ૯ વાગ્યા દરમિયાન આપ્તપુત્ર સત્સંગ કાર્યક્રમ યોજાશે.

દાદા ભગવાન દીક્ષિત અને ડૉ. નીરુમાના સહાધ્યાયી એવા દીપકભાઈ દેસાઈ આ કાર્યક્રમમાં અધ્યાત્મ અને વ્યવહાર સંબંધી સમજણ અને આત્મજ્ઞાન કરાવશે. આ કાર્યક્રમમાં ભાવિકોને તેમના જીવનમાં ઉદભવતા અનેક મુંઝવણભર્યા સવાલો જેવા કે આ યુગમાં ભ્રષ્ટાચારીઓને મજા અને નીતિવાનને સજા કેમ?, જીવનમાં સુખ-શાંતિ કેમ અનુભવાતા નથી? તેમજ કર્મોનું ફળ, મોક્ષ, ચિંતા અને ટેન્શન વગરનું જીવન શકય છે કે નહી?, સ્પર્ધાત્મક યુગમાં જીવન કેવી રીતે જીવવું?, બાળકોને કુસંગથી કેવી રીતે બચાવવા? શું કરવું? વગેરેના જવાબ દીપકભાઈ દેસાઈ દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમમાં સત્સંગ થકી પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું છે.

આર.જી. કન્યા શાળામાં વાલીઓ સાથે ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગરના સે-૨ ૩માં આવેલ આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને એસ.બી. પટેલ ઉ.મા. શાળામાં ધો-૧૨ના સામાન્ય પ્રવાહની વિદ્યાર્થીનીઓના વાલીઓ સાથે 'જ્ઞાનોત્સવ' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અભ્યાસમાં નબળી વિદ્યાર્થીનીઓને વાલીઓ સાથે રાખીને પરીક્ષામાં સારા પરિણામ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વાલીઓ સાથે શાળાની સ્ટાર વિદ્યાર્થીનીઓની ચિંતન શિબિર પણ યોજવામાં આવી હતી.

સચિવાલય જીમખાના દ્વારા ફિઝીયોથેરાપી નિદાન સારવાર કેમ્પ યોજાયો

ફિઝીયોથેરાપી સેન્ટર સચિવાલય જીમખાના ગાંધીનગર ફિઝીયોથેરાપી ડૉ.નિરાલી શાહની આગેવાની હેઠળ ફ્રી ફિઝીયોથેરાપી નિદાન અને સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેનો અદભુત પ્રતિસાદ મળેલ છે. ૧૫૦ થી લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. શ્રી હિતેશ સેઈલર તથા સચિવાલય જીમખાનાના કાર્યકર્તાઓએ સફળતા માટે મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

હરિની દૃષ્ટિ...

ધાબળો ઓઢ્યો છતાંય... ટાઢ વાય છે ?? વાઇબ્રન્ટ ધાબળો છે... ??

ગણપત યુનિવર્સિટીનો આઠમો પદવીદાન સમારોહ પાંચમીએ યોજાશે

મુખ્ય મહેમાન રાજયપાલશ્રી ઓ.પી.કોહલીના હસ્તે પીએચડીની ૨૯ પદવી અને ૫૧ સુવર્ણચંદ્રકો એનાયત થશે

ગાંધીનગર તા.૧

ગુજરાત રાજયની ખાનગી યુનિવર્સિટીઓની પ્રથમ હરોળની એક ચુનંદી અને હાઈટેક એવી ગણપત યુનિવર્સિટીનો આઠમો પદવીદાન સમારોહ આગામી તારીખ પાંચમી જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ યોજવાનું નક્કી થયું છે. વિધાર્થીઓમાં રહેલી પ્રતિભાની ઉજવણી સમા આ પાવન અવસરે ગુજરાત રાજયના માનનીય રાજયપાલ શ્રી ઓ.પી.કોહલીજીના મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેવાનું સ્વીકાર્યું છે. તો અતિથિ વિશેષ તરીકે 'એપલેબ ગ્રુપ ઓફ કંપનીઝ' ના સ્થાપક અધ્યક્ષ શ્રી.પી.એસ.દેવધરે પણ હાજર રહી આ પ્રતિભા મહોત્સવમાં સગભાગી થવાનું સ્વીકાર્યું છે. ગણપત યુનિવર્સિટીના દાતા-અધિષ્ઠાતા શ્રી ગણપતભાઈ પટેલ પદવીદાન સમારોહનું પ્રમુખસ્થાન શોભાવશે.

મહેસાણા નજીક ખેરવા ગામની ભાગોળે આવેલાં ૩૦૦ એકર જેવા વિશાળ અને હરિયાળા સંકુલ ગણપત વિધાનગરના આંગણે આગામી પાંચમી જાન્યુઆરીના રોજ સવારે ૧૧ વાગ્યે પ્રારંભ પામનારા આ પદવીદાન સમારોહમાં કુલ ૨૭૮૦ પદવીઓ વિવિધ ફેકલ્ટીઝના વિધાર્થીઓને અર્પણ કરવામાં આવશે. જેમાં ૨૯ પીએચડી વિધાર્થીઓ, ૩૪ એમ.ફીલ.વિધાર્થીઓ, ૧૧૧૮ અનુસ્નાતક વિધાર્થીઓ, ૧૫૯૫ સ્નાતક વિધાર્થીઓ અને ૪ પીજી ડિપ્લોમા વિધાર્થીઓનો સમાવેશ થાય છે.

અહીં એ નોંધવું ઉચિત રહેશે કે એન્જિનિયરીંગ, મેનેજમેન્ટ, કોમ્પ્યુટર, સોશિયલ સાયન્સ એન્ડ હ્યુમેનિટિઝ, ફાર્મસી તેમજ એજયુકેશન જેવી સાત વિવિધ ફેકલ્ટીઝના નેજા હેઠળ ગણપત યુનિવર્સિટીના અત્યારે ૯૦ જેટલા અભ્યાસક્રમોમાં ૧૨ હજારથી વધુ વિધાર્થીઓને શ્રેષ્ઠ કક્ષાનું અને હાઈટેક એજયુકેશન પુરું પાડી શિક્ષણ દ્વારા સમાજ સેવાના પોતાના ઉદ્દેશને પાર પાડવાની પુરી કોશીશ કરી રહી છે.

જે.એમ.ચૌધરી વિધાલયે સ્કાઉટ ગાઈડ રેલીમાં પ્રથમ

ગાંધીનગર તા.૧

ગાંધીનગર જિલ્લા ભારત-સ્કાઉટ-ગાઈડ જિલ્લા રેલીનું આયોજન વન્ય જીવ તાલીમ વિભાગે યોજેલ હતું. જેમાં જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિધાલય ૧૦ ગાઈડ બહેનોએ ભાગ લીધો હતો. જિલ્લા કક્ષાએ જનરલ ચેમ્પીયનશીપ શાળાને મળેલ છે. શ્વેતા ગોવિંદભાઈ ચૌધરી, ધ્રુવી પટેલ, દિવ્યા ઝાલા, ધરતી દેસાઈ, નિમિષા દેસાઈ, અનુ રાઠોડ, ખુશ્બુ રાઠોડ, નિશા ડામોર, શાહિનબાનુ અબ્બાસઅલી જામ, દૃષ્ટિ ચૌધરીએ ભાગ લીધો હતો. કેમ્પ ફાયરગીતમાં દ્વિતીય, ગાંઠોની સ્પર્ધામાં પ્રથમ, અવલોકન સ્પર્ધામાં પ્રથમ નંબર આવેલ છે. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવેલ છે.

નાટયકાર ભરત વ્યાસે ત્રણ હજાર લોકોને બેટી બચાવોની પ્રતિજ્ઞા લેવડાવી

સાબરકાંઠા જિલ્લાના નાટયકાર ભરત વ્યાસે સમાજમાં ભ્રુણ હત્યા અટકાવી બેટી બચાવો તેમજ કન્યા કેળવણી અભિયાન અંતર્ગત 'મારી દિકરી લાડકવાયી' નાટકનું સર્જન કર્યું છે. આ નાટકનો તા. ૨૬મી ડિસેમ્બરે મહેસાણા જિલ્લાના સુનોક ગામે શો યોજાયો હતો. જેને નિહાળવા ઉપસ્થિત આશરે ત્રણેક હજાર લોકોને 'બેટી બચાવો'ની પ્રતિજ્ઞા લેવડાવી સમાજ માટે ભરત વ્યાસે ઉમદા કાર્ય કર્યું છે. તેમના નાટક 'મારી દિકરી લાડકવાયી' ને રાજય સંગીત નાટક અકાદમી દ્વારા સાત એવોર્ડ અપાયા છે જયારે તેના ૬૫ જટલા જાહેર પ્રયોગ થકી સાડા ચાર લાખ ઉપરાંત લોકોએ તેને માણ્યું છે. આ નાટક દ્વારા તા. ૪થી જાન્યુઆરીએ હિંમતનગરના ટાઉનહોલમાં કચ્છી સમાજના લોકોને પ્રતિજ્ઞા લેવડાવાશે.

૬૦ વર્ષે પતિને છુટાછેડા આપી પહેરેલે કપડે ઘરમાંથી કાઢી મુકનાર પત્નિની બુઢ્ઢી સંવેદના માટે કયો શબ્દ વાપરી શકાય?

સમાજ ચિંતન
પોપટલાલ પ્રજાપતિ

ત્રીસ વર્ષના એક યુવાનના છુટાછેડા થતા પત્નિનો વિયોગ સહન ન થતાં યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ અથવા કોઈએ કેનાલમાં ભુસકો મારી મોતને વહાલુ કરી દીધુ આવા સમાચારો પણ ક્યારેક સમાચાર પત્રોમાં વાંચવા મળે છે. ક્યારેક જીવનનો ખાલીપો જીરવવો બહુ આકરો બની જાય છે. ત્યારે યુવાનો અંતિમવાદી પગલુ ભરે છે. પણ વર્તમાન સમયની એ કરૂણા છે કે સપ્તપદીના ફેરા ફરી અગ્નિસાક્ષીએ જીવનભર સાથની ભાવનાના દીધેલા કોલને તુટતા વાર લાગતી નથી, પણ છાને છાપને પાંગરતો પ્રેમ બેધડક વૃધ્ધિ પામતો જાય છે, ક્યારેક આવો પ્રેમ જીવનભરનું સંભારણું બની જાય છે. ક્યારેક પરણેલા પુરૂષો પણ દામ્પત્યજીવનનું ગાડુ જેમ તેમ ગબડાવ્યે જાય છે પણ લગ્ન બાહ્ય સંબંધોને કાયમ તાજા રાખે છે. આશ્ચર્યજનક રીતે હવે લીવ ઈન રીલેશનશીપમાં શ્રધ્ધા વધતી જાય છે. ન કોઈ ઝંઝટ, ન કોઈ બંધન, ન કોઈ જવાબદારી બસ ટક્યુ તો ટક્યુ નહિતર એક બીજાને બાયબાય કહી છુટા પડી જવાનું , ન કોર્ટ કચેરી કે ન દહેજ ધારાની કલમ વર્તમાન સમયની વાસ્તવિકતા એ છે કે હવે લગ્નજીવનને કોઈ ગંભીરતાથી લેતુ નથી. નાના બાળકો માટીના ઘર બનાવે, સાથે રમે અને ઘડીકમાં ઝઘડીને છુટા પડી જાય તેવી જ રીતે લગ્નો હવે તુટી રહ્યા છે. કોણ જાણે લોકો જવાબદારીથી હવે કેમ દુર ભાગતા જાય છે. સપ્તપદીના સાત ફેરા ફરી સાત જન્મ નિભાવવાની લીધેલ પ્રતિજ્ઞા ક્યારેક સાત જ મહિનામાં કેમ બોજ લાગવા માંડે છે?

સંબંધોતો સમીકરણોમાં ક્યારે ગુંચ પડી જાય તે જ કહેવાય નહિ. અગ્નિની સાક્ષીએ જેનો હાથ પકડયો હોય એ ક્યારે હાથ છોડાવી દે તે જ કળી ન શકાય, અને એ પણ કોઈ દેખાતા ગંભીર કારણ વગર.... પણ ખરી કરૂણતા ત્યારે સર્જાય છે. જયારે બંનેને એકબીજાની હુંફની ખરેખર જરૂર હોય, જીવન સંધ્યા બરોબર ખીલી હોય અને અચાનક બંને છુટા પડવાનો નિર્ણય લઈ. અથવા છુટા થઈ જવા મજબુર થવુ પડે આવા પ્રસંગે કદાચ એક તરી જાય પણ બીજો અવશ્ય ડુબે છે અને ડુબાડનાર પોતાનો જ એક વખતનો અંગત સાથી જ હોય. વર્તમાન સમયમાં વડીલોને મુંઝવતો સૌથી મોટો પ્રશ્ન છે પોતાના સંતાનોના મોટી ઉંમરે થતા છુટાછેડાનો... ક્યારેક વડીલો પોતે સમજી શકતા નથી આ છુટાછેડાનું રહસ્ય.

હાલમાં ૬૦ વર્ષની ઉંમરે પહોંચેલા એક વડીલ અશોકભાઈ (નામ બદલેલ છે) આવા જ છુટાછેડાનો ભોગ બન્યા છે. જીંદગીની ગાડીને પાટા પર લાવવા અનેક તડજોડ કરી પણ અંતે ભંગાણ સર્જાયુ જ.... પત્નિ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલી અને અશોકભાઈ પ્રાઈવેટ નોકરી કરી ગાડુ ગબડાવ્યે જતા. પત્નિ શકુંતલા (નામ બદલેલ છે) અવાર નવાર બિમાર પડતી. તેને પતિ પર શંકા પડી કે પોતાનો પતિ તેના પર કોઈ મેલી વિદ્યા કરી તેને ખતમ કરી દેવા માંગે છે. એકવાર મનમાં શંકાનો કીડો સળવળે પછી તેનું સમાધાન ક્યાંય મળતુ નથી એમાં વળી કોઈ ભુવાએ આગમાં ઘી હોમ્યુ અને થયો ભડકો... એવામાં શકંતુલાને પેરાલીસીસની અસર થઈ, તેનો વહેમ પાકો થયો. તને કંઈક કરી નાખ્યુ છે એવો ભુવાએ દોઢ પણ આપી દીધો. બસ પછી તો શકુંતલાનું પતિ તરફનુ વલણ બદલવા લાગ્યું. કાયમના ઝઘડા અને કાયમનો ઉચાટ અશોકભાઈ ગાંધીનગરમાં પ્રાઈવેટ સેકટરમાં નોકરી કરે, મહિને ફક્ત ૪૦૦૦/- નો પગાર તેણે પત્નિની શંકાનું સમાધાન કરવા અનેક પ્રયત્નો કર્યા પણ વ્યર્થ. તેની શંકા નિર્મુળ થઈ નહિ. તેના મગજ પર ભુત સવાર થઈ ગયેલુ કે મારો મને મારી નાખશે. પછી તો બંને પોતાનું વતન છોડી ગાંધીનગર રહેવા આવી ગયા. પત્નિએ નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી. પત્નિના ગાંધીનગર સ્થિત સગાવહાલાઓએ પરિસ્થિતિને વણસાવવાનુ કામ કર્યું શકંતુલાને સમજાવ્યું કે તારે સુખી થવુ હોય ત એક જ માર્ગ છે. તારા પતિને છુટા છેડા માટે નોટીસ આપી દે. પત્નીએ સૌની કાનભંભેરણીથી આવું પગલું ભર્યું પણ ખરું. પતિને છુટાછેડા માટે નોટિસ આપી. પતિદેવ ઢીલા, પોચા અને કાયદાથી ડરીને ચાલનારા. તેઓ સતત ટેન્શનમાં રહેવા લાગ્યા. શકુંતલાને સમજાવવા બહુ પ્રયત્ન કર્યા પણ તેને હવે પતિ પ્રત્યે કોઇ લાગણી ન હતી. અને... એક દિવસે પત્નીએ અશોકભાઇને હુકમ કર્યો તમે આજે ને આજે આ ઘર છોડી ચાલ્યા જાઓ. પતિદેવ પહેરે લુગડે ઘર છોડી ચાલી નીકળ્યા. ક્યાં જવું? તેમને સંતાનમાં એક માત્ર દીકરી હતી તે ઇન્ટરકાસ્ટ મેરેજ કરી ઘર છોડી ગઇ હતી. અશોકભાઇ માટે સર્વત્ર અંધકાર હતો છતાં આશાનું એક કિરણ દેખાયું. પોતાના માતાપિતા હજુ હયાત હતા. પણ તેઓ ૮૦ વટાવી ચુક્યા હતા. પુત્ર તરીકે ઘરડા માતાપિતાને સાચવી ન શક્યા પણ તેમને જ માતાપિતાનો આશરો લેવો પડ્યો. તેઓ માતાપિતા પાસે આવી વિનંતી કરી, મને તમારે આશરે રહેવા દો. પિતા સેમી ગવર્મેન્ટ સર્વન્ટ હતા. નિવૃત્તિ બાદ કરેલી બચતમાંથી માંડ જીવન નિર્વાહ કરતા તે રકમ પણ હવે ખુટવા માંડેલી પણ માવતર કંઇ એમ થોડો દીકરાને જાકારો આપે? દીકરો માતાપિતાને આશરે રહેવા લાગ્યો. એકાદ વર્ષ પછી પિતા પણ મુંઝાયા અને કાળજુ કઠણ કરી દીકરાને કહ્યું, બેટા, હવે તમારો માર્ગ તમે નક્કી કરી લો. તારુ ગુજરાન કરવાની મારામાં ત્રેવડ નથી મારા ઘરમાં રહેવું હોય તો ઘર ખર્ચ તારે ઉઠાવવું પડશે. દીકરાના માથે જાણે વીજળી પડી. અશોકભાઇ ૬૦ વર્ષની નજીક છે ૬૦ વર્ષે છૂટાછેડા પામેલ વ્યક્તિ કોને સહારે જાય? આ ઉંમરે છુટાછેડા એ કરૂણતાની પરાકાષ્ઠા નથી? પણ આ જ હકીકત છે. એક શિક્ષિત સમાજની હકીકત.

દાંપત્ય જીવનની રચના એટલા માટે કરવામાં આવી છે કે પાછલી ઉંમરે માનવી નિરાધાર કે અસહાય બને ત્યારે બંને એકબીજાના સહારે એકબીજાથી હુંફમાં મનને હળવું કરી શકે આખી જિંદગી સાથે ગુજાર્યા પછી પાછલી જીંદગીમાં એવી તો કેવી સમસ્યાઓ સર્જાતી હશે કે જેનું કોઇ સમાધાન ન મળે? જમાનાની ઠોકરો ખાધા પછી પણ માનવીમાં પરિપક્વતા ન આવે? પ્રશ્નોનું સમાધાન કરવાની સુઝ ન કેવળાય? શરીર ભલે વૃદ્ધ થાય પણ માનસિકતાને વૃદ્ધ શા માટે થવા દેવી? ધોળા થતા વાળને રોકી ન શકો તો કંઇ નહિ એને કાળા કરવાની કળા તો શીખી લો જેથી યુવાનીનો અહેસાસ તો કરી શકો? જીવનની પ્રત્યેક પળ માણવાનું શીખી લો તો જીવનમાં કડવાશ પ્રવેશી નહિ શકે. આપણે કોઇ પણ વાહન ચલાવતા હોઇએ, એક જ સ્પીડમાં શરૂથી અંત સુધી નહીં ચલાવી શકો, તેમાં ગમે તેટલી સાવધાની રાખવા છતાં કોઇવાર પંચર પર પડવાનું જ? પંચર થયેલી ગાડીને આપણે રસ્તામાં છોડી નથી દેતા એક વાત સમજી લો, પોતાના અંગત માણસ સાથે ક્યારેક તો મનદુઃખ થવાનું જ. તેથી કંઇ જિંદગીની બાજી હારી ન જવાય. જીવન સંધ્યાએ તો વિતેલી જીંદગીની પળોને વાગોળવાની હોય, આમ છુટા પડી જીવતરમાં ઝેર ન રેડાય. કોઇ લેખકે કહ્યું છે કે આપણે ક્યારેય એટલા સુખી નથી હોતા અને ક્યારેય એટલા દુખી નથી હોતા જેટલા આપણે સમજતા હોઇએ છીએ. 'જીવન સંધ્યાને ખીલવા દો... એમાં કાળાશ છવાય નહિ તેનું ધ્યાન રાખો.'